ફંગીકેર ઔષધિય વનસ્પતિના અંકમાંથી બનાવેલ છે જે પાકમાં દરેક પ્રકારની ફુગ અને ફુગથી થતી સમસ્યાઓના અવરોધ, નિયંત્રણ અને નિવારણ માટે ખુબજ અસરકારક છે. તેમજ જમીનમાં રેહલ સફેદ મુંડા અને ઉધયનો નિયંત્રણ માટે પણ અત્યંત અસરકારક છે.

ફંગીકેર ૧૦૦% કેમીકલ અવશેષ મુક્ત હોવાથી જમીનના ફાયદાકારક સૂક્ષ્મજીવાણુઓ, પરોપજીવીઓ, પરાગજક, અળસિયા, માનવ, પાક, જમીન અને પર્યાવરણ માટે સુરક્ષિત અને બિનહાનિકારક છે.

## ફાયદાઓ

- ફંગીકેર પાકમાં દરેક પ્રકારની ફુગથી થતા રોગો જેવાકે પત્તાનો સુકારો, પત્તાના લાલ ટપકા, કાળા ટપકા, ઘેરુ ટીકા, મુળનો સુકારો, મુળમાં કાળી-સફેદ ફુગ અને ફુગથી થતી સમસ્યાઓના નિયંત્રણ અને નિવારણ કરી તેને ફરીથી આવતા અટકાવવામાં ખુબજ અસરકારક છે.
- છોડની રોગપ્રતિકારક શકિત વધારી ફુગના આક્રમણના સામે લડવાની તાકાત આપે છે.
- પાકની સપાટી પર ઢાલ બની છોડને ફૂગજન્ય, બેકટેરિયાજન્ય અને વાયરસજન્ય રોગોના પ્રવેશને અટકાવી તેમા રોગોના (પેથોજન્સ) પ્રસરણને અટકાવે છે.
- જમીનમાં રેહલ સફેદ મુંડા અને ઉધયનો નિયંત્રણ માટે પણ અત્યંત અસરકારક છે.
- મરચા અને ડુંગળીના પાકમાં બેકેટેરીયાજન્ય રોગો સામે પણ સુરક્ષા આપે છે.
- રોગમુક્ત ખેતર, સારી ગુણવત્તાવાળા વધુ પાકથી ખેડુતોની આવકમાં વધારો કરે છે.

## પાક અને જમીન માટે વપરાશની ભલામણો

ફંગીકેર તમામ પ્રકારના પાક જેવાકે શાકભાજી, ફુલો, ફળો, ધાન્ય, કઠોળ, તેલીબીયા, કપાસ, બાગબગીચા, બાગાયતી અને ગ્રીનહાઉસના પાકોની ખેતીમાં દરેક પ્રકાની ફુગ અને ફુગથી થતી સમસ્યા સામે રક્ષણ માટે ખાસ સંશોધિત ઉત્પાદન છે.

## વપરાશની પદ્ધતિ

- ટપક, ફુવારા અથવા પિયત પદ્ધતિ : ૩૫૦ મિલિ ફંગીકેર પ્રતિ એકરમાં વાપરવું.
- છંટકાવ અથવા ડ્રેચીંગ પદ્ધતિ : ૨ મિલિ ફંગીકેર પ્રતિ લિટર પાણીમાં મિક્ષ કરી ઉપયોગ કરવો.

